

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-25 ■ અંક-13 ■ તા. 21-03-2021 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂ. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂ. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

### માસ્ક અને રસી જ કોરોનાનો ઉપાય,લોકો ડરે નહિ સાવચેત રહેઃ રૂપાણી

## મુખ્યમંત્રીની સ્પષ્ટતા રાજ્યમાં નહિ આવે લોકડાઉન કે દિવસનો કર્ફ્યૂ

ગાંધીનગર,તા.૨૦

અમદાવાદ અને સુરત સહિત રાજ્યભરમાં કોરોનાના કેસો વધી રહ્યા છે. આ વચ્ચે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ શનિવારે ફરીથી પત્રકાર પરિષદમાં જાહેરાત કરતાં જણાવ્યું છે કે રાજ્યમાં કોઈ લોકડાઉન કે દિવસ દરમિયાન કર્ફ્યૂ લાગુ કરવામાં આવશે નહીં. શનિ-રવિમાં મોલ-થિયેટરોમાં લોકો એકઠા થાય છે, એથી એ બંધ રહેશે. સરકારે તમામ તૈયારીઓ કરી છે.

લોકોએ ગભરાવાની જરૂર નથી, સાથે સાથે સાવચેતી રાખવાની જરૂર છે. અત્યારે જેટલા કેસ આવે એનાં પાંચ ગણાં બેડ તૈયાર રાખવાનો મેં આદેશ આપેલો છે અને એ મુજબ સરકાર દરરોજ રિવ્યૂ પણ કરે છે. દવા, ઈન્જેક્શન, ડોક્ટર આ તમામ વ્યવસ્થા પણ થઈ ગઈ છે. ધનવંતરી રથ, ૧૦૪, સંજીવની, એ પણ આપણે ફરી શરૂ કર્યાં છે, એટલે હું માનું છે કે જરા પણ ગભરાવાની જરૂર નથી.

મુખ્યમંત્રીએ અન્ય રાજ્યોમાંથી ગુજરાતમાં આવનારા



લોકો વિશે વાત કરતાં કહ્યું હતું કે બહારનાં રાજ્યોમાંથી આવનારા તમામ લોકોનું આપણે સ્ક્રીનિંગ કરીએ છીએ. ભાજપે તમામ કાર્યક્રમો રદ કર્યા છે અને સરકારે પણ હાલમાં કોઈ કાર્યક્રમો ન કરવાનો નિર્ણય કર્યો છે.

તેમણે વધુમાં કહ્યું કે, ભૂતકાળમાં ત્રણવાર કોરોનાની પીક લહેર આવી ચૂકી છે. ત્યારે પણ સંયમપૂર્ણ ધૈર્ય સાથે એ પીકને પણ વટાવી છે. સરકારે બધી તૈયારી કરી છે. લોકોએ પેનિક થવાની જરૂર નથી. પણ સાવચેત રહેવાની જરૂર છે. તેથી જ બધા અવશ્ય માસ્ક પહેરે. ભીડે એકઠી ન કરો. સોશિયલ ડિસ્ટન્સ જળવાય જરૂરી છે. તકેદારી રાખવી જોઈએ. હાલ બે જ ઈલાજ છે. માસ્ક અને વેક્સીનેશન, તેથી માસ્ક પહેરો અને વેક્સીનેશન ઝડપથી કરાવો. આ સાયકલને સારી રીતે પાર પાડીશું અને સંક્રમિત લોકોને સરાકરે ટ્રીટમેન્ટની વ્યવસ્થા કરી છે. ઝડપથી સાજા થાય તે રીતની વ્યવસ્થા કરી છે.

તેમણે વધુમાં કહ્યું કે, અગાઉ ૬૦ હજાર બેડ તૈયાર રાખ્યા હતા. હાલ જેટલા કેસ આવે તેના પાંચ ગણા બેડનો આદેશ આપ્યો છે. તે

### લોકોના સાંત્વના આપતા મુખ્યમંત્રીએ કહ્યું કે, ભૂતકાળમાં ત્રણ વાર કોરોનાની પીક લહેર આવી ચૂકી છે, ત્યારે પણ સંયમપૂર્ણ ધૈર્ય સાથે એ પીકને પણ વટાવી છે

મુજબ સરકાર રોજ રિવ્યૂ કરે છે. મહારાષ્ટ્રમાઁથી આવતા લોકોનું ગુજરાત બહારથી આવતા લોકોનું સ્કેનિંગ કરી રહ્યાં છે. અવનજવન ચાલુ છે ત્યારે સાવચેતી પણ લીધી છે. ભાજપે પણ બધા કાર્યક્રમો સ્થગિત કર્યાં છે. સરકારે પણ કાર્યો મોકૂફ રાખ્યા છે. બજેટ સત્ર છે તેથી તેમાં સમયસર બજેટ પસાર કરવુ પડશે.

બે દિવસ પહેલાં પણ મુખ્યમંત્રી રૂપાણીએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે હાલમાં લૉકડાઉન કરવાની કોઈ વાત નથી. સરકારે આઠ મહાનગરપાલિકાઓમાં સ્કૂલ અને કોલેજોમાં ઓફલાઈન શિક્ષણ બંધ કરવાનો નિર્ણય લીધો છે, જેને પગલે ૧૦ એપ્રિલ સુધી સ્કૂલ અને કોલેજોમાં ઓફલાઈન શિક્ષણ બંધ રહેશે.

રાજ્યમાં ચાર મહાનગરોમાં કોરોના સંક્રમણના વધતા જતા કેસોને ધ્યાનમાં લઈને આ મહાનગરોમાં કોરોના સંક્રમણ નિયંત્રણ અને સારવારના ઉપાયો માટે સ્થાનિક તંત્રના માર્ગદર્શન અંગે ચાર વરિષ્ઠ સચિવોને તાકીદના ધોરણે આ શહેરોની જવાબદારી સોંપવામાં આવી છે.

### વિશ્વ ચકલી દિવસ



સુરેન્દ્રનગરના ખારાઘોઢાનું વેરાન રણ બન્યું લાખો ચકલીઓના વસવાટનું સ્થળ, અહીં એક લાખ જેટલી ચકલીઓ કરે છે વસવાટ

### દીદી(મમતા)એ ૧૦ વર્ષમાં બંગાળને બરબાદ કરી નાંખ્યું

## અમને ૫ વર્ષ આપી દો, ૭૦ વર્ષની બરબાદી હટાવી દઈશું: ખડગપુરમાં મોદીનો હૂંકાર

ખડગપુર,તા.૨૦

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી પહેલાં રાજકારણ ગરમાયું છે. આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ખડગપુરમાં ચૂંટણીસભાને સંબોધિત કરી હતી. તેમણે લોકોને કહ્યું હતું કે તમારો ઉત્સાહ કહે છે કે બંગાળમાં આ વખતે ભાજપ સરકાર બનશે. હું આવું એટલા માટે કહી રહ્યો છું કે બંગાળની આ ધરતી પર ૧૩૦ કાર્યકર્તાએ બલિદાન આપ્યાં છે, કારણ કે બંગાળ સુરક્ષિત રહે. બંગાળમાં ૫૦ વર્ષથી વિકાસ અને સપનાં ડાઉન છે. દીદીએ ૧૦ વર્ષમાં બંગાળને બરબાદ કરી નાખ્યું છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે મને ગર્વ છે કે મારી પાસે દિલીપ ઘોષ જેવા અધ્યક્ષ છે. છેલ્લાં ઘણાં વર્ષોથી તેઓ પાર્ટીને જિતાડવા માટે આરામથી ઊંઘી શક્યા નથી, ન તો દીદીથી ડર્યા છે. તેઓ બંગાળના ઉજ્જવળ ભવિષ્યને લઈને આગળ વધી રહ્યા છે. એટલા માટે હું કહી રહ્યો



છું કે આ વખતે ભાજપ સરકાર બનશે.

પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે ખડગપુર લાંબું પ્લેટફોર્મ છે. ભારતીય રેલવેને મજબૂતી આપવામાં અહીંના લોકોનું મોટું યોગદાન છે. ૭૦ વર્ષ સુધી અમે ઘણા લોકોને જોયા, અમે તમને વચન આપીએ છીએ કે એકવાર આશીર્વાદ આપો, અમે તમારી ભલાઈમાં કંઈ કસર છોડીશું નહીં.

મોદીએ વધુમાં કહ્યું હતું કે ગામડે ગામડે માર્ગોનો વિસ્તાર કરીશું. પાણીની સમસ્યાને હલ કરીશું. બંગાળનું ભાજપ પર કરજ છે. અમે બંગાળમાં ન માત્ર કમળ ખીલવવા માગીએ છીએ, પરંતુ લોકોનાં ભવિષ્યને ઉજ્જવળ કરવા માગીએ છીએ.

તેમણે કહ્યું હતું કે દિલ્હી અને બંગાળ બન્ને એન્જિન એક દિશામાં ચાલવા લાગે તો બંગાળ બરબાદીમાંથી બહાર આવશે. અમે સબકા સાથ, સબકા વિકાસ ઔર સબકા વિશ્વાસના મંત્ર સાથે કામ કરીશું. દીદીએ તમારી સાથે વિશ્વાસઘાત કર્યો છે. તેમણે ૧૦ વર્ષમાં બંગાળને બરબાદ કરી નાખ્યું છે.

મોદીએ કહ્યું હતું કે કાલે ૫૦-૫૫ મિનિટ વ્હોટ્સએપ ડાઉન રહ્યું, ફેસબુક ડાઉન રહ્યું, ઈન્સ્ટાગ્રામ ડાઉન રહ્યું. બધા પરેશાન થઈ ગયા, પરંતુ ૫૦ વર્ષથી બંગાળનો વિકાસ ડાઉન છે.

આજે બંગાળના લોકો દીદી પાસે ૧૦ વર્ષનો હિસાબ માગે છે, જવાબના બદલે દીદી તેમના પર અત્યાચાર કરે છે. બંગાળમાં માત્ર માફિયા ઉદ્યોગ ચાલવા દીધો છે, અમે લોકશાહીને બરબાદ નહીં થવા દઈએ.

### કોરોનાએ રફતાર પકડીઃ ૨૪ કલાકમાં ૪૦ હજારથી વધુ પોઝિટિવ કેસ નોંધાયા

ન્યુ દિલ્હી,તા.૨૦

દેશમાં ફરી એક વખત કોરોનાનો કહેર વધતો જઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં સંક્રમણના નવા ૪૦,૯૦૬ કેસ નોંધાયા હતા જેમાં મહારાષ્ટ્રમાં ૨૫,૦૦૦થી વધુ કેસ નોંધાયા છે. ઉપરાંત ૨૩,૬૨૩ દર્દીઓ સાજા થયા હતા જ્યારે ૧૮૮ લોકોના મોત થયા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના અહેવાલ પ્રમાણે દેશમાં અત્યાર સુધીમાં કુલ ૧,૫૯,૫૮૮ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના અહેવાલ પ્રમાણે દેશમાં અત્યાર સુધીમાં કુલ ૧,૧૫,૫૫,૨૮૪ લોકો કોરોનાની લપેટમાં આવી ચુક્યા છે. તે પૈકીના ૧,૧૧,૦૭,૩૩૨ દર્દીઓ સાજા થઈ ગયા છે. જ્યારે સક્રિય કેસની સંખ્યા ૨,૮૮,૩૯૪ છે. ઉપરાંત અત્યાર સુધીમાં દેશમાં કુલ ૪,૨૦,૬૩,૩૯૨ લોકોને કોરોના વેક્સિન લગાવાઈ ચુકી છે. ભોપાલ, ઈન્દોર અને જબલપુરમાં હવે દર રવિવારે સમગ્ર લોકડાઉન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ત્રણેય શહેરોમાં આગામી આદેશ સુધી દર વીકએન્ડે શનિવારે રાત્રે ૧૦થી સોમવારે સવારે ૬ વાગ્યા સુધી કુલ ૩૨ કલાક લોકડાઉન રહેશે.

### કોંગ્રેસના ધારાસભ્યોએ વિધાનસભામાં કરેલા પ્રશ્નોમાં ઘટસ્ફોટ થયો

## રાજયની ૫ હજાર જેટલી સરકારી તથા ખાનગી શાળાઓમાં રમતગમતના મેદાનો નથી

ગાંધીનગર,તા.૨૦

ગુજરાત સરકાર એક તરફ રમશે ગુજરાતનું સૂત્ર આપ્યું છે. ત્યારે ગુજરાતની ૫ હજાર જેટલી શાળાઓમાં રમતગમતના મેદાનો નહીં હોવાનો ઘટસ્ફોટ થયો છે. કોંગ્રેસના ધારાસભ્યોએ વિધાનસભામાં પૂછેલાં પ્રશ્નોમાં રાજયના શિક્ષણમંત્રી તરફથી જવાબ આપવામાં આવ્યો છે. તેમાં આ હકીકત પ્રકાશમાં આવી છે. આ જવાબને લઈને કોંગ્રેસે રમશે ગુજરાતની સરકાર વાતો કરે છે પરંતુ આમાં કયાં રમશે ગુજરાત તેવો પ્રશ્ન કર્યો છે.

કોંગ્રેસના ધારાસભ્યોએ ગુજરાતમાં કેટલી સરકારી તથા ખાનગી પ્રાથમિક શાળા, માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં રમતગમતના મેદાનો નથી. તેની સામે છેલ્લાં બે વર્ષમાં કેટલાં મેદાનો બનાવવામાં આવ્યા તેની વિગતો વિધાનસભામાં માંગી હતી. જેના રાજયના શિક્ષણ મંત્રીએ જવાબો આપ્યા છે. આ જવાબોની માહિતી સંકલિત કરીને કોંગ્રેસ તરફથી જાહેર કરવામાં આવી છે. તે મુજબ રાજયના ૨૭ જિલ્લાઓમાં ૪૧૭૭ સરકારી અને ૪૩૦ ખાનગી પ્રાથમિક શાળાઓમાં રમતગમતના મેદાનો નથી. જયારે ૪ સરકારી તથા ૬૮ ખાનગી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તથા ૨૦ સરકારી અને ૨૩૯ ખાનગી માધ્યમિક શાળાઓ મળીને કુલ ૪૯૩૮ શાળાઓમાં રમતગમતના મેદાનો નહીં હોવાની હકીકત પ્રકાશમાં આવી છે.

છેલ્લાં બે વર્ષમાં ૧૦૫ સરકારી પ્રાથમિક શાળા અને ૧૦૪ ખાનગી પ્રાથમિક શાળાઓમાં રમતગમતના મેદાનો બનાવવામાં આવ્યા છે. તે જ રીતે ૩૦ સરકારી માધ્યમિક તથા ૧ ખાનગી માધ્યમિક શાળા તેમ જ સરકારી તથા ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તથા સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં એક પણ મેદાન બનાવવાં આવ્યા નથી. જયારે એક ખાનગી ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં મેદાન બનાવવામાં આવ્યું છે.

રાજયની ૨૭ જિલ્લાની ૪૧૭૭ સરકારી અને ૪૩૦ ખાનગી પ્રાથમિક શાળાઓમાં મેદાન નથી. તેમાં મુખ્યત્વે સૌથી વધુ બનાસકાંઠા જિલ્લાની ૫૪૨, તાપીની ૩૨૧, ભાવનગરની ૨૯૪, કચ્છની ૨૬૨ અને વલસાડની ૨૫૯ રમતગમતના મેદાનો નથી. ખાનગી પ્રાથમિક શાળાઓની વાત કરીએ તો મુખ્યત્વે પાંચ જિલ્લાઓમાં સૌથી વધુ રમતગમતના મેદાનો નથી. જેમાં સુરતની ૫૫,મહેસાણાની ૪૨, પાટણની ૩૭, રાજકોટની ૩૩ અને જૂનાગઢની ૩૨ ખાનગી પ્રાથમિક શાળાઓનો સમાવેશ થાય છે.



કોરોનાના એક વર્ષમાં પહેલીવાર રાજ્યમાં એક જ દિવસમાં સૌથી વધુ ૪૫૦ કેસ સુરતમાં

### અમેરિકાના રક્ષામંત્રી અને રાજનાથ સિંહ વચ્ચે મુલાકાત થઈ

## ભારત અને અમેરિકા વચ્ચે વધશે મિલિટરી ટૂ મિલિટરી એન્ગેજમેન્ટ, બન્ને દેશો વચ્ચે સમજુતિ

ન્યુ દિલ્હી,તા.૨૦

અમેરીકાના રક્ષામંત્રી લોયડ જેમ્સ ઓસ્ટિન આ સમયે ત્રણ દિવસીય ભારત પ્રવાસે છે. આજે દિલ્હીના વિજ્ઞાન ભવનમાં રક્ષામંત્રી રાજનાથ સિંહ અને અમેરીકાના રક્ષામંત્રી લોયડ જેમ્સ ઓસ્ટિન વચ્ચે વિજ્ઞાન ભવનમાં પ્રતિનિધિમંડળ સ્તરની વાતચીત થઈ. આ બેઠકમાં બંન્ને દેશો વચ્ચે અનેક મહત્વપૂર્ણ મુદ્દાઓ પર સહમતિ થઈ. આ દરમિયાન સીડીએસ જનરલ બિપિન રાવત અને ત્રણેય સેનાઓના ચીફ હાજર રહ્યાં હતા.પ્રતિનિધિ સ્તરની વાતચીત બાદ જાહેર કરવામાં આવેલા નિવેદનમાં રાજનાથ સિંહે જણાવ્યું કે, ભારતીય સેના અને યુએસ ઈન્ડો-પેસિફિક કમાંડ, આફ્રિકા કમાંડ વચ્ચે અમે સહયોગ વધારવા પર સહમત થયાં છીએ. અમે ન્ઈર્સ્ઈછ, ર્ઝસ્ઝ્રછજીઇછ અને મ્ઈઝ્રછ સમજુતિઓ પર સહી કરી છે. ભારત અમેરીકા સાથે મજબૂત ડિફેન્સ ભાગીદારીને વધુ આગળ વધારવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.અમેરીકાના રક્ષામંત્રી ઓસ્ટિને કહ્યું, આપણો સંબંધ ફ્રી અને ઓપન ઈન્ડો પેસિફિક રિઝનનું એક ગઢ છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે ભારત ફ્રીડમ ઓફ નેવિગેશન અને ફ્રીડમ ઓફ ઓવરફ્લાઈટ માટે ઊભું છે. આ પ્રાદેશિક સુરક્ષા માટે આપણો સંયુક્ત દ્રષ્ટિકોણ કન્ફર્મ કરે છે.સંયુક્ત નિવેદન જાહેર કરતા રાજનાથ સિંહે કહ્યું, મને એ કહેતા ખુશી થાય છે કે રક્ષામંત્રી ઓસ્ટિન અને તેમના પ્રતિનિધિમંડળ સાથે અમારી વ્યાપક અને ઉપયોગી વાતચીત થઈ. અમે વ્યાપક વૈશ્વિક રાજનીતિની ભાગીદારીનો પુરી ક્ષમતાનો અનુભવ કરવા માટે દૃઢ છીએ.રક્ષા સહયોગ પર વ્યાપકપણે વાતચીત મિલિટરી ટૂ મિલટરી એંગેજમેન્ટ વધારવા માહીતી અને ભાગીદારી અને રક્ષા અને મ્યૂચ્યુઅલ લોજિસ્ટિક સપોર્ટના ઉભરતા ક્ષેત્રમાં સહયોગ પર પણ ચર્ચા થઈ. બંન્ને દેશો વચ્ચે સૈન્ય ગતિવિધિઓ વધતા ચીનની ચિંતા વધી જશે.

## રવિવારે પણ કોરોના રસીની કામગીરી ચાલુ રહેશેઃ ના.મુખ્યમંત્રીની જાહેરાત

ગાંધીનગર,તા.૨૦

ગુજરાતમાં કોરોના સંક્રમણ રોકેટ ગતિથી વધી રહ્યું છે અને સૌથી વધુ ખરાબ હાલત અમદાવાદ અને સુરતની છે, ત્યારે પીએમ મોદીએ તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓને કોરોના વેક્સિનેશન બને તેટલું ફાસ્ટ બનાવવા અપીલ કરી હતી. તેના ભાગરૂપે ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે ડેપ્યૂટી સીએમ નીતિન પટેલે આજે એક મોટી જાહેરાત કરી છે. સામાન્ય રીતે કોરોનો વેક્સિનેશન આપવા માટે સોમવારથી શનિવાર સુધી આપવામાં આવે છે અને રવિવારે રજા હોય છે. પરંતુ હાલ રાજ્યની હાલતને જોતા આવતીકાલે (રવિવારે) પણ કોરોના રસીકરણ ચાલું રહેશે તેવી જાહેરાત કરી છે.

આજે ડેપ્યૂટી સીએમ નીતિન પટેલે વિધાનસભા ગૃહમાં જાહેરાત કરતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં ૨૫૦% સેન્ટર પરથી આવતીકાલે (રવિવારે) કોરોના રસીકરણ કરવામાં આવશે. જેથી રાજયના તમામ ધારાસભ્યો પોતાના વિસ્તારમાં રસી લઈ શકે છે. દર રવિવારે રજા હોય છે પરંતુ આવતીકાલે રજા રદ કરાઈ છે.

રાજયના ચાર મહાનગરો અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટમાં નાઈટ કર્ફ્યૂ નાંખી દેવામાં આવ્યો છે. કોરોના પર કાબુ મેળવવા મોલ, સિનેમા પણ શનિ-રવિ બંધ રાખવાનો આદેશ કરવામાં આવ્યો છે. અમદાવાદ, સુરતની હાલત સૌથી વધારે ખરાબ છે.

# તંત્રી લેખ

## ભાજપે ૨૨ માર્ચે તમામ સાંસદોને લોકસભામાં હાજર રહેવા વ્હીપ જાહેર કર્યું

ભારતીય જનતા પાર્ટીએ પોતાના લોકસભા સાંસદો માટે ૨૨ માર્ચ માટે વ્હીપ જાહેર કરી છે. સૂત્રોનું કહેવું છે કે સરકાર હાલ ઈંફ્રાસ્ટ્રક્ચર ફંડિંગ માટે નવી બેંક બનાવવા સાથે સંકળાયેલ બિલ લાવી શકે છે. આ ઉપરાંત બે અન્ય બિલ લાવવાની તૈયારી છે.


રાકેશ સિંહ દ્વારા જાહેર ત્રણ લાઈનના વ્હીપમાં કહેવામાં આવ્યું છે કે '૨૨ માર્ચના રોજ લોકસભામાં કેટલાક અતિ મહત્વપૂર્ણ બિલ પર ચર્ચા તથા મંજૂર કરવા માટે લાવવામાં આવશે. એવામાં પાર્ટીના તમામ લોકસભા સાંસદોને નિવેદન છે કે ૨૨ માર્ચના રોજ આખો દિવસ સદનમાં અનિવાર્ય રૂપથી હાજર રહીને સરકારના પક્ષમાં મતદાન કરે.

તમને જણાવી દઈએ કે કેંદ્રીય કેબિનેટે ડેવલોપમેંટ ફાઈનાન્સ ઈંસ્ટિટ્યૂશન સાથે જોડાયેલા ખરડાને મંજૂરી આપી છે. નેશનલ બેંકની માફક કામ કરનાર આ ઈંસ્ટિટ્યૂશન મોટા ઈંફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સની ફંડિંગ કરશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી કેબિનેટ બેઠકમાં એવી બેંક બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી જે ઈંફ્રાસ્ટ્રક્ચર ફંડિંગ કરશે, સરકાર હવે આ બેંકો માટે બિલ લાવી શકે છે.

બીજી તરફ શનિવારે લોકસભામાં ભાજપના એક સાંસદે વધતી જતી વસ્તીને દેશ સમક્ષ ગંભીર સંકટ ગણાવતા કેંદ્ર સરકાર વસ્તી નિયંત્રણ કાનૂન બનાવવાની માંગ કરી છે. શૂન્યકાળ દરમિયાન આ મુદ્દાને ઉઠાવતાં ભાજપ સાંસદ સંજય સેઠએ કહ્યું કે દેશમાં વધતી જતી વસ્તી મોટું સંકટ છે, એવામાં સરકારને દેશમાં જનસંખ્યા કંટ્રોલ કાનૂન લાવવો જોઈએ. તેમણે કહ્યું કે બે બાળકોના માપદંડને લાગૂ કરવો જોઈએ. તેનું ઉલ્લંઘન કરનારને સરકારી સુવિધાઓ મળશે નહી અને ચૂંટણી લડી શકશે નહી. એવી જોગવાઈ કરવી જોઈએ.

# સદાબહાર સુર - ૧૨

## અવિનાશ વ્યાસ




અવિનાશ વ્યાસે ગુજરાતી જગતમાં પોતાની વૈવિધ્યસભર પ્રતિભાઓથી મોટું યોગદાન આપ્યું. એમણે આપેલ યોગદાન બદલ તેઓ સદાય માટે અવિસ્મરણીય બની રહેશે..અવિનાશ વ્યાસ એક એવું નામ જે ભૂતકાળમાં તો હતું પણ વર્તમાન એને અનુસરશે અને ભવિષ્યકાળમાં પણ દીવાદાંડી જેમ સુગમ સંગીતના ગાયકો અને ચાહકોને માર્ગદર્શન આપશે.

સુરેશ દલાલે અવિનાશ વ્યાસ માટે બહુ સરસ વાત કરી છે કે વીસમી સદીના ગુજરાતી સુગમ સંગીતના પર્યાય જેવા અવિનાશ વ્યાસ ગુજરાતી પ્રજાના કંઠમાં અને કાનમાં કાયમ માટે વસી રહેલા સંગીતકાર અને ગીતકાર છે. આ જ વાતને સહેજ સમજાય એવી રીતે કહેવી હોય તો કહી શકીએ કે એક અવિનાશમાં બે અવિનાશ છે. સંગીતકાર અને ગીતકાર ક્યારેક એકમેક સાથે મીઠી સ્પર્ધા કરે છે. કોઈક વાર સંગીતકાર આગળ નીકળી જાય છે તો કોઈક વાર ગીતકાર. ક્યારેક સૂર શબ્દને ખેંચે છે તો ક્યારેક શબ્દસૂરને. સંગીતકારના ફલાવરવાઝમાં ગીતકાર અવિનાશના બગીચાના કેટલાય ફૂલો લય અને તાલની હવામાં ઝૂલ્યા કરે છે."

આવા ગીતકાર સંગીતકારનું નામ સદાય અવિસ્મરણીય રહેવાનું જ કારણકે એમણે સાવ સરળ દેખાતા અને તેમ છતાં ઘણું કહી જતા ભાતીગળ ગીતોની રચના કરી છે.. આ વાત જરા સમજવી હોય તો આપણા ઑલ ટાઈમ ફેવરિટ ગીતને યાદ કરવું પડે. વાત છે ગીત હૂ તુ તુ તુ તુ તુ તુની.. એક શ્વાસે ગવાતું આ ગીત સાંભળીને કોઈને એમ થાય કે આ તો રમતની વાત છે પણ આમ રમતની સાવ સરળ દેખાતી વાતમાં પણ કેટલો મોટો ગૂઢાર્થ અહીં છતો થાય છે નહી?

હવે આ રચના પણ આમ રમતા રમતા જ કેવી રીતે રચાઈ છે એની વાત પણ રસપ્રદ છે અને આ વાત માંડે છે અવિનાશ વ્યાસના સુપુત્ર અને ખ્યાતનામ સંગીતકાર ગૌરાંગ વ્યાસ.એ કહે છે કે ક્યારેક એવું બને કે કેટલીક સ્વર રચનાઓ એવી હોય છે જે કોઈના સૂચનનું નિમિત્ત બને. એમાં બન્યું એવું કે જ્યારે ગૌરાંગ વ્યાસ એમના પિતા અવિનાશ વ્યાસના સહાયક સંગીતકાર તરીકે કામ કરતાં હતાં અને એ વખતે આપણા મહાન ગાયક મન્ના ડે ફિલ્મના ગીતો ગાવા આવતા હતા. મન્ના ડેને એવું હતું કે જેવું રેકોર્ડિંગ પતે એટલે ગૌરાંગ વ્યાસને હાર્મોનિયમ પર બેસાડે અને કહે કે " कुछ नया सुनाओ, कुछ अच्छा सुगम संगीत का गाना सुनाओ !" એટલે ગૌરાંગ વ્યાસ એમના કંપૉઝ કરેલા ગીતો મન્ના ડેને સંભળાવતા અને મન્ના ડેને એ ખુબ ગમતા. એમાં એક વાર મન્ના ડેએ એવું કીધું કે " गौरांग, ईतना अच्छा कंपोझिशन करते हो तो हम लोग ॥ रूक्क करते है "એમાં ભજન, ગઝલ અને ગીત હોય. એ સમયે ભજન અને ગઝલ તો નક્કી થઈ ગયા પણ ગીત નક્કી કરવાનું બાકી હતું એટલે મન્નાબાબુએ ગૌરાંગ વ્યાસને કહ્યું કે તું અવિનાશભાઈને કહે કે કોઈ રિધમેટિક સોંગ લખી આપે તો જરા મઝા આવે. ભજન અને ગઝલ તો બરાબર છે." એટલે ગૌરાંગ વ્યાસે એમના પિતાશ્રી અવિનાશ વ્યાસને કહ્યું કે એક રમતિયાળ ગીત જોઈએ છે.બીજા દિવસે શાંત,સ્વસ્થ મને પડકાર ઝીલનારા અવિનાશ વ્યાસે ગૌરાંગ વ્યાસને બોલાવીને કહ્યું, કે તું રમતિયાળ ગીતની વાત કરતો હતો તો આપણે રમતનું જ ગીત કરીએ અને અવિનાશ વ્યાસે ગૌરાંગ વ્યાસને લાઈન લખી આપી.

**હૂ તુ તુ તુ તુ તુ તુ, જામી**
**રમતની ઋતુ**
**આપ આપો એક મેકના**
**થઈને ભેરુ**
**સારુ જગત આખું રમતું**
**આવ્યું છે**
**ને રમે છે હૂ તુ તુ તુ પ**

અને કહ્યું કે આની પર તું કર.. ગૌરાંગ વ્યાસ તો હાર્મોનિયમ લઈને બેસી ગયા અને અવિનાશ વ્યાસે જે ટેમ્પોમાં સંભળાવ્યું હતું એ ટેમ્પો એમણે પકડી રાખ્યોપઢીન ચાક ઢીન ચાક.. અને ગૌરાંગ વ્યાસને મુખડું સૂજ્યુએ અવિનાશ વ્યાસને બોલાવીને સંભળાવ્યું તો એમને પણ મઝા આવી ગઈ અને કહ્યું કે બહુ સરસ થઈ ગયું છે. થોડું શબ્દોના હિસાબે ગોઠવવું પડે બાકી ટ્યૂન તો સરસ બેસી ગઈ છે. ગૌરાંગ વ્યાસે કીધું કે ભઈ, સરસ તો થઈ ગયું પણ હવે આગળ શું? અવિનાશ વ્યાસના મનમાં થોડા થોટ્સ હતા એટલે એમણે ગૌરાંગ વ્યાસને કહ્યું કે તને જે ટ્યૂન સુઝે એ તું ગા અને હું ટ્રાય કરું અને પછી ગૌરાંગ વ્યાસે એમની રીતે રાગ છેડ્યો. એ રાગ સાંભળીને અવિનાશ વ્યાસે આગળની પંક્તિઓ ઉમેરી. "એક મેકને મથે પકડવા સારા નરસા સ્વારથ સાથે ધમ્માચકડી પકડા પકડી અવળે સવળે આટે પાટેપ..આ રીતે અવિનાશ વ્યાસે ત્રણ અંતરા લખ્યા. ગૌરાંગ વ્યાસ ટ્યૂન ગાતા જાય અને અવિનાશ વ્યાસ લખતા જાય અને આવી રીતે આ ગીત લગભગ બે કલાકમાં પુરુ થઈ ગયું. આ દર્શાવે છે કે ગીતકાર અવિનાશ વ્યાસ મનથી કેટલા સજ્જ હશે જેમણે ટ્યૂનની સાથે સાથે જ શબ્દોની એટલી ત્વરિત રચના કરી હશે અથવા એમ પણ કહી શકાય કે ગીતકાર અવિનાશ વ્યાસનું મન, ચિત્ત હરદમ સંગીતમય જ રહેતું હશે ને ? એમની ચેતામાં પણ ચોવીસે કલાક ગીત સંગીત જ વહેતા હશે ને? એ સમયે તો અવિનાશ વ્યાસ, ગૌરાંગ વ્યાસ કે મન્ના ડેને પણ સપને ય ખ્યાલ નહોતો કે મન્નાબાબુનું રમતિયાળ ગીત માટેનું સૂચન અને સૂચનના આધારે બનેલુ એમના ઈજારા સમું આ ગીત અત્યંત પ્રચલિત અને લોકપ્રિય બની જશે. એ પછી આ ગીત મહેન્દ્ર કપૂરે પણ ફિલ્મ " સાત કેદી 'માટે ગાયું હતું જે એમને ગાવામાં ખુબ તકલીફ પડી હતી પણ તેમ છતાં એમણે નિભાવી જાણ્યું હતુ..

બીજી એક વાતે મારું ધ્યાન ખેચ્યું કે પિતા-પુત્રએ એકબીજાની મૈત્રીને સર્જનાત્મક કામોમાં જ ઉત્તમ રીતે વાપરી અને કેવું સુંદર રીતે સંયોજન થયું? સંગીતમાં વિવિધ વિષય સાથે બંને એક બીજાના પુરક બન્યા. જેના ફળ ગુજરાતી પ્રજાને મળ્યાં. એક વાત નક્કી છે કે પરિવાર સાથે કામ કરે તો અનુભવ અને ઉત્સાહ બને સર્જનને વૈવિધ્યભર્યા બનાવે છે નહિતર હરીફાઈ જગતમાં નવી પેઢી માટે પણ આટલું સિદ્ધ કરવું સહેલું નથી. ગુજરાતીઓ જેટલા બિઝનેસ માટે ઉત્સાહી છે એટલા નિરુત્સાહ પોતાની માતૃભાષામાં સંગીત માટે છે અને એ હકીકત છે.


આ જ કારણે તો આજે ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી બોલીવુડ સામે સાવ નબળી પડી જાય છે મારે અફસોસ સાથે અને એક ગુજરાતી હોવા છતાં કહેવું પડશે કે ગુજરાતીઓ ભાષા અને સાહિત્ય સંગીત પ્રત્યે બહુ ઉત્સાહ દેખાડતા નથી જે ઉત્સાહ મન્ના ડેએ ગૌરાંગની નવી રચના સાંભળવા દેખાડ્યો. આ બાબતમાં મરાઠીઓ અને બંગાળીઓ ગુજરાતી કરતા ક્યાંય ચડિયાતા છે અને આપણે તેમને આદર્શ બનાવવા જોઈએ. આવું જ વલણ ગુજરાતી સંગીતના પીઢ સંગીતકારે નવી પેઢીને આગળ લાવવા દેખાડવું જોઈએ. જો કે આશિત દેસાઈ અને હેમા દેસાઈએ પણ આવો અભિગમ રાખી તેમના દીકરા આલાપ દેસાઈને અને નવી પેઢીને પ્રોત્સાહન આપી આગળ લાવી રહ્યા છે અને અવિનાશ વ્યાસની જેમ જ ગૌરવને પાત્ર બન્યા છે એ પણ અત્રે ઉલ્લેખનીય છે.મારી વાત અહી જોર આપતા ફરી ફરી કહીશ કે આજે તો આ ગીતના રચયિતા અવિનાશ વ્યાસ કે ગાયક મન્ના ડે હયાત નથી પરંતુ આજે પણ કોઈપણ સુગમ સંગીતનો કાર્યક્રમ જાણે અવિનાશ વ્યાસના આ રચના વગર અધૂરો જ છે.જ્યારે આવી ઘટના બને ત્યારે સહજ એક વિચાર આવે કે કોઈપણ ગીત, કાવ્યની રચનાની શૈલી, માત્રા અને છંદમેળ કે ગઝલના રદીફ કે કાફિયાનો અવિનાશ વ્યાસે અભ્યાસ કર્યો હશે?

ત્યારે એક સરસ જવાબ મળ્યો જે અહીં ટાંકુ છુંપ "આદ્ય કવિઓએ પણ ક્યાં આ બધા અભ્યાસ કર્યા હશે પણ એમની રચનાઓ પરથી જ કદાચ આ કાવ્ય શૈલી, એમાંની માત્રા કે છંદમેળ નિશ્ચિત થયા હશે."અવિનાશ વ્યાસ માટે પણ હું એટલું તો ચોક્કસ કહીશ કે એમણે જે રચનાઓ આપી એ એટલી તો આપણા મન, હૃદય સોંસરવી ઉતરી ગઈ કે એમાં આપણે શૈલી, માત્રા કે છંદમેળનો તાલ શોધ્યા કે મેળવ્યા વગર પણ માણતા જ રહ્યા અને ભવિષ્યમાં પણ માણતા જ રહીશું.




## અંતરનાં આયનામાં.... (લેખાંક - ૪૪)

વર્ષા જાની



જીવન એક અરીસા જેવું છે. અરીસામાં જોવાથી ચહેરો જેવો હશે એવો જ સામે દેખાશે.સમાજની સામે ચહેરા પર મહોરું ચડાવીને ફરનારો માણસ લાંબા સમયે ખૂદ જ એનો ભોગ અવશ્ય બનતો હોય છે. દુનિયાના લોકોને છેતરનારો ભલે મનોમન ખુશ રહેતો હોય કે આપણી ચાલ કેવી જોરદાર ચાલે છે! બધા જ પાસા કેવા સવળા પડે છે. એમ માનીને ફુલાયેલો ફુગ્ગો બનીને ફરતો હોય છે.પછી એ ફુગ્ગો ક્યારે ફટાક કરતો ફૂટી જશે. એની ખબર પણ નહી પડે! દરેક સમયને પણ પસાર થવા માટે પોતાનો સમય હોય છે. અને સમય સમયનું કામ કરે છે.અને સમય આવ્યે મહોરા લગાડેલા ચહેરાને પણ આવનારા સમયની પરિસ્થિતિનો જવાબ આપવો જ પડે છે. માણસ જાણી જોઈને કેમ ખોટું કરતો હશે? ખોટું કામ કરતાં એનો અંતરાત્મા જરુર ડંખતો તો હશે જ! તેમછતાં એને અવગણીને, આંખ આડા કાન કરીને એ કામ કર્યે જાય છે!આજના યુગનો આ એક મહા પ્રાણપ્રશ્ન છે!

જે માણસના જીવનમાંથી પણ મહાપ્રાણ છીનવી લે છે.સત્કર્મ જીવનમાં ઓક્સિજન પૂરો પાડવાનું કામ કરે છે. સદ્વૃત્તિ આપણને એક પ્રકારની ઊર્જા બક્ષે છે. માણસ આકૃતિની દ્રષ્ટિએ જુઓ તો દેખાવે એક સરખા જ લાગે. શરીરની બનાવટ બિલકુલ સરખી.. દરેકને માથું, હાથ, પગ, ધડ, શરીર આખું ય એકદમ બરાબર, . એક સમાન.. પણ જો સૂક્ષ્મ ભેદ વિચારવામાં આવે તો આ સમગ્ર માનવસમૂહને ત્રણ ભાગમાં વહેંચાયેલા જોવા મળે છે. કેટલાંક માણસો પોતાની બધી ઈન્દ્રિયો કહે તેમ કરે, પોતાની ઈચ્છાઓ જેમ ઈચ્છે તેમ કરવા તૈયાર રહે. ટૂંકમાં ઈન્દ્રિયોને વશ થઈને એની મનમાની કરે.ઈન્દ્રિયોને વશ થઈને ફરે છે!તો કેટલાંક માણસો પોતાની પાસે અઢળક ધન સંપત્તિ, જરૂરિયાત કરતાં વધારે સાધન સામગ્રી હોવાં છતાંય લોભી બનીને જીવતા હોય! દાન કરવા માટે બિલકુલ જીવ ચાલતો જ ન હોય,અરે દાન પુણ્યની વાત તો દૂર રહી પણ પોતાના ખુદનાં માટે પણ કે પોતાનાના માટે પણ એક પાઈ પૈસો પણ વાપરી શકતા હોતા નથી. ચમડી તૂટે, પણ દમડી ન છૂટે.. એવું સૂત્ર જીવનમાં અજમાવીને બેઠાં હોય! એવાં લોકો જીવતા હોવાં છતાંય મરેલાની માફક જીવે છે. ખુદ્દારી કે ખુમારી એનાં જીવનમાં જોવા મળતી હોતી નથી.જયારે કેટલાક લોકો દયા, કરુણા જેવાં ભાવમાં માનતા હોતા નથી! કોઈપણ અઘટિત ઘટના નજરે ચડે તો એ વ્યક્તિને મદદ કરવાને બદલે લોકો મોબાઈલ કાઢીને ફોટા પાડવા, વિડીયો ઉતારવા મંડી પડે છે! પણ એને બદલે માનવીય ભાવનાઓ અંતરમાં જગાડીને ઘટનાનો ભોગ બનેલા માણસને મદદરુપ થયાં હોય તો એ વ્યક્તિ કદાચ ઘટનાનાં અંતિમ ચરણ સુધી જવામાં કદાચ બચી શકયો હોત!આવા સંવેદના હીન લોકો બીજા કોઈના કષ્ટ કે તકલીફની પીડા કાશ સમજી શકતા હોત!આજકાલ માનવીય સંવેદના ઓછી થતી જાય છે! એવું નથી લાગતું?ક્યારેય કોઈ ઘટના બનતી નજરે ચડે તો ઘણાં લોકો તમાશો માનીને એને જોયા જ કરશે. તમાશાને તેડું ન હોય! આમ જુઓ તો આવી વ્યક્તિને બીજાને મદદરૂપ થવા માટે સમય જ નથી મળતો હોતો, પણ જો આવો કોઈ તમાશો નજરે ચડે તો.. તો પછી એને જોવા માટે પૂરતો અવકાશ મળી જાય છે! વિશ્વમાં વસતો દરેક માનવ જો કરુણા, દાન અને દયાનો ઉપાસક બની જાય તો દુનિયાની ઘણીબધી સમસ્યાઓનું નિરાકરણ આપોઆપ જ થઈ જાય.

વર્ષા જાની
ભાવનગર
તા.૨૧ માર્ચ ૨૦૨૧

# પાળિયા ના પ્રકાર....

૧) ખાંભી :- કોતરકામ વગર બાંધવામાં આવેલ મૃત વ્યક્તિનું સ્મારક.
૨) થેસા :- પાળિયા નજીકના નાનાં પથ્થરો,
૩) ચાગીયો :- પત્થરોના ઢગલા,
૪) સુરાપુરા :- અન્યના જીવન માટે યુદ્ધમાં ખપી જનાર યોદ્ધાઓ.
૫) સુરધન :- આકસ્મિક મૃત્યુ, જેમ કે હત્યા, આત્મહત્યા, અકસ્માતની યાદમાં બાંધવામાં આવેલા તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે તેમાંના કેટલાકને સતીમાતા અથવા ઝુઝાર મસ્તિષ્ક વગરનાં યોદ્ધાઓ કહે છે.
૬) યોદ્ધાઓના પાળિયા :- આ પ્રકારના સ્મારકો સૌથી સામાન્ય હોય છે જે મોટે ભાગે લડાઈના નાયકોની પૂજા કરતા સમુદાય અને લોકજાતિઓ સાથે સંકળાયેલ હોય છે.તેઓ મર્યાદિત વિસ્તારમાં મોટી સંખ્યામાં મળી આવે છે અને રણ ખાંભી તરીકે ઓળખાય છે. તે યુદ્ધસ્થળ અથવા જ્યાં યોદ્ધા મૃત્યુ પામ્યો હોય ત્યાં બાંધવામાં આવે છે.શરૂઆતમાં આ પાળિયા, સમુદાય, સ્ત્રી અથવા પશુધનને બચાવવાના સત્કાર્યોને સન્માનવા બાંધવામાં આવતા હતા અને પછીથી તે યુદ્ધ સંબંધિત પરંપરા બની ગઈ.આ સ્મારકો મોટે ભાગે યોદ્ધાને હથિયારો જેવા કે તલવાર, ગદા, ધનુષ્ય અને તીર અને પછીના પાળિયાઓમાં બંદૂકો સાથે પણ દર્શાવે છે. આ યોદ્ધાઓ વિવિધ પરિવહનો જેમ કે ઘોડા, ઊંટ, હાથી અને રથ પર હોય છે. ક્યારેક તે પાયદળ સાથે હોય છે. કેટલીક વખત રાજકિય ચિહ્નો લઈ જતા અથવા યુદ્ધમાં નગારા વગાડતા લોકોના પાળિયા પણ દર્શાવવામાં આવે છે.આ સ્મારકોનાં ઉદાહરણો ભુચર મોરીના પાળિયા અને સોમનાથ મંદિર નજીકના હમીરજી ગોહિલ અને અન્યોના પાળિયાઓ છે.
૭) સતીના પાળિયા :- આ સ્મારકો મોટે ભાગે રાજવી પરિવારો સાથે સંકળાયેલા હોય છે જે સતી થઈ હોય અથવા જૌહર કરીને મૃત્યુ પામી હોય તેવી સ્ત્રીઓને સમર્પિત હોય છે.

તે લોકસાહિત્ય સાથે પણ સંબંધિત હોઈ શકે છે અને તેમની દેવી તરીકે પૂજા થાય છે.આ સ્મારકો મોટે ભાગે જમણી બાજુ ૪૫ કે ૯૦ અંશના ખૂણે વળેલો આશીર્વાદ આપતો જમણો હાથ દર્શાવે છે. ક્યારેક આ પાળિયા પર હાથ અને અન્ય પ્રતીકો જેમ કે મોર અને કમળ હોય છે. કેટલાક પાળિયામાં આશીર્વાદ આપતી અથવા નમસ્કાર મુદ્રામાં ઊભેલી સંપૂર્ણ સ્ત્રીની આકૃતિ હોય છે. કેટલાક સ્મારકોમાં એક હાથમાં કમંડળ અને બીજામાં જાપમાળા હોય એવા સ્ત્રીના આકારો હોય છે. કેટલાક સ્મારકોમાં જ્વાળાઓમાં દાખલ થતી સ્ત્રી અને પોતાના પતિના શરીરને ખોળામાં લઈ બેઠેલી હોય તેવી સતી પ્રથા દર્શાવતી આકૃતિઓ પણ દર્શાવવામાં આવે છે.આ સ્મારકોનાં ઉદાહરણમાં ભુચર મોરીના સુરજકુંવરબાના પાળિયાનો સમાવેશ થાય છે.આ પ્રકારના પાળિયા પાકિસ્તાનના સિંધ પ્રદેશ અને ભારતના રાજસ્થાન રાજ્યમાં પણ જોવા મળે છે.
૮) ખલાસીઓના પાળિયા :- ગુજરાત લાંબો દરિયાઈ ઈતિહાસ ધરાવે છે. આ સ્મારકો તેમની સમુદ્ર સફર દરમિયાન મૃત્યુ પામેલા ખલાસીઓની યાદ અપાવે છે. તેમના સ્મારકો પર ક્યારેક જહાજ દર્શાવવામાં આવે છે.
૯) લોકસાહિત્યના પાળિયા :- અનેક સ્મારકો લોકસાહિત્ય સાથે સંકળાયેલ ધાર્મિક સંતો-ભક્તો, પ્રેમ કથાઓ, બલિદાન, મિત્રતા, વિરોધ, વગેરે માટે કરેલો દેહત્યાગ દર્શાવે છે.

આ સ્મારકનું ઉદાહરણ ભાણવડ નજીક ભુતવડ પર આવેલો વીર માંગડા વાળાનો પાળિયો છે.
૧૦) પ્રાણીઓના પાળિયા :- પ્રાણીઓ જેવા કે અશ્વ, શ્વાન અને ઊંટ દર્શાવતા પાળિયાઓ પણ બાંધવામાં આવ્યા હતા.
૧૧) ક્ષેત્રપાળના પાળિયા :- આ પાળિયા ક્ષેત્રપાળ (ક્ષેત્રનું રક્ષણ કરતાં)ને સમર્પિત હોય છે, જે જમીનના દેવ છે. તે સ્મારક નથી પરંતુ લગભગ સરખો અહોભાવ ધરાવે છે. તેમને સામાન્ય રીતે ખેતરની નજીક અથવા ગામની બહાર મૂકવામાં આવે છે.

કેટલીક કોમમાં પૂર્વજોની પૂજા ક્ષેત્રપાળ તરીકે થાય છે. તે જમીન અને પાકનું રક્ષણ કરે છે તેમ માનવામાં આવે છે.

આ પાળિયા પર સાપ અથવા કેટલીક વખત માત્ર આંખો રક્ષણના પ્રતીક તરીકે દર્શાવવામાં આવે છે..

સંસ્કૃતિ સાચવજો...
જય ગીરનારી
જય રામેશ્વર

# કોરોના મહામારીને કારણે મધ્યમ વર્ગ શ્રેણીથી નીચે આવ્યા ૩.૨ કરોડ ભારતીય

## અમેરિકાના પ્યૂ રિસર્ચ સેન્ટરે જાહેર કરેલ રિપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો

ન્યુ દિલ્હી,તા.૨૦

દુનિયામાં ચાલી રહેલી કોરોના મહામારીએ વૈશ્વિક અર્થવ્યવસ્થા જ નહી પણ લોકોની આવક પર પણ અસર કરી છે. મહામારીમાં લાખો ઉદ્યોગ-ધંધા બંધ થઇ ગયા છે તો કરોડો લોકોની નોકરી પણ જતી રહી છે.ભારતમાં પણ મહામારીની અસર જોવા મળી છે. મહામારીએ ભારતમાં ૩.૨ કરોડ લોકોને મધ્યમ વર્ગ શ્રેણીથી નીચે ધકેલી દીધા છે. અમેરિકાના પ્યૂ રિસર્ચ સેન્ટર તરફથી જાહેર કરવામાં આવેલા રિપોર્ટમાં આ ચોકાવનારો ખુલાસો થયો છે.

પ્યૂ રિસર્ચ સેન્ટર અનુસાર મહામારીના એક વર્ષમાં ભારતમાં મધ્યમ વર્ગના લોકોની સંખ્યામાં ભારે ઘટાડો થયો છે. મહામારી પહેલા ભારતમાં મધ્યમ વર્ગમાં આવતા લોકોની સંખ્યા ૯.૯ કરોડ હતી પરંતુ મહામારી બાદ આ સંખ્યા એક તૃતિયાંશની કમી સાથે ૬.૬ કરોડ પર આવી ગઇ છે. એવામાં ભારતમાં મધ્યમ વર્ગ શ્રેણીની બહાર નીકળેલા લોકો સામે આર્થિક પરેશાની ઉભી થઇ ગઇ છે.

પ્યૂ રિસર્ચ સેન્ટરે વિશ્વ બેક્રના આર્થિક વિકાસના પૂર્વઅનુમાનના આધાર પર કહ્યુ, કોરોના મહામારીમાં ભારતની મધ્યમ વર્ગ વસ્તીમાં વધુ કમી અને મહામારીથી આવેલી મંદીને કારણે ચીનની તુલનામાં ગરીબીમાં ઘણી વૃદ્ધિ થઇ છે.

અધ્યયન અનુસાર કોરોના મહામારીને કારણે દેશમાં ઉચ્ચ આવકની શ્રેણીના ૬.૨ કરોડ લોકો મધ્યમ વર્ગની શ્રેણીમાં આવી ગયા છે. ઉચ્ચ આવકની શ્રેણીમાં એવા લોકો આવે છે જેમની દરરોજની આવક ૫૦ ડૉલર એટલે આશરે ૩,૬૩૦ રૂપિયા હોય છે.

રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યુ છે કે ભારતમાં વર્ષ ૨૦૧૧થી ૨૦૧૯ વચ્ચે આશરે ૫.૭૦ કરોડ લોકો મધ્યમ વર્ગની શ્રેણીમાં સામેલ થયા હતા. આ એક મોટી સંખ્યા હતી.

### ભૂકંપ પછી કાંઠા સાથે અથડાયા ૧ મીટર ઊંચા દરિયાઈ મોજાં

# જાપાનમાં ૭.૨ની તીવ્રતાનો ભૂકંપઃ સુનામી અંગે એલર્ટ જાહેર

ટોક્યો,તા.૨૦

જાપાનમાં શનિવારે ભૂકંપના તેજ આંચકા આવ્યા હતા. આ ભૂકંપની તીવ્રતા ૭.૨ માપવામાં આવી છે. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીના જણાવ્યાનુસાર શનિવાર બપોરે દેશની રાજધાની ટોક્યોની નજીક ભૂકંપના તેજ આંચકા અનુભવાયા હતા. આ ભૂકંપનું કેન્દ્ર ટોક્યોથી ૩૬૨ કિલોમીટર ઉત્તર-પૂર્વમાં હતું. ભારતીય સમય અનુસાર ભૂકંપ ૨.૩૯ બપોરે આવ્યો હતો અને એ ૭૭ કિલોમીટર ઊંડો હતો. જાપાનની મીટિરિયોલોજિકલ એજન્સીએ ભૂકંપના આંચકા પછી સુનામીની એડવાઈઝરી જારી કરવામાં આવી છે. એજન્સીએ કહ્યું હતું કે મિયાગી ક્ષેત્રમાં પ્રશાંત મહાસાગરમાં ૬૦ કિલોમીટર અંદર ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

જેએમએના અનુસાર વર્ષ ૨૦૧૧માં ભૂકંપ અને સુનામીથી પ્રભાવિત ક્ષેત્ર મિયાગીમાં ભૂકંપના આંચકા આવ્યા હતા. એજન્સીએ એક મીટર ઊંચાઈવાળી લહેરોની સુનામી આવવાની ચેતવણી જારી કરવા આવી છે.

ભૂકંપથી મિયાગીના અનેક વિસ્તારોમાં નુકસાન પહોંચ્યું છે. અહીં જાપાનનો એક ન્યૂક્લિયર પાવર પ્લાન્ટ પણ છે, જે હાલ સુરક્ષિત હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. ગત મહિને જાપાનના પૂર્વી સમુદ્રકાંઠે ૭.૧ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. એ સમયે સુનામીની કોઈ જ ચેતવણી જાહેર કરાઈ ન હતી. હજી સુધી આ ભૂકંપથી કોઈ મોટા જાનમાલના નુકસાન નથી.

ઉલ્લેખનીય છે કે, હાલમાં જ ૧૧ માર્ચે જાપાનમાં આવેલી ભયંકર સુનામીને દસ વર્ષ પૂરા થયા હતા. તે સમયે ભૂકંપને લીધે છથી દસ મીટર ઊંચા સુનામીના મોજાએ વિનાશ વેર્યું હતું. જાપાનના દરિયાકાંઠાથી લઈને દસ કિલોમીટર અંદર સુધી સુનામીએ વિનાશ નોતર્યું હતું. તેમાં ૧૮ હજાર લોકોનાં મોત નિપજ્યાં હતાં.

આ પહેલાં ૫ માર્ચે ન્યૂઝીલેન્ડના ઉત્તરી-પૂર્વી કાંઠે ૮.૧ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. એ બાદ આ વિસ્તારમાં સુનામીનું અલર્ટ જાહેર કરાયું હતું. ભૂકંપ ઉત્તરી આઈસલેન્ડની પાસે કેરમાડેક દ્વીપ પર આવ્યો હતો. જાહેર થયેલી ચેતવણીમાં કહેવામાં આવ્યું હતું કે કાંઠાના વિસ્તારો નજીક રહેતા લોકોએ તાત્કાલિક ઊંચાઈવાળી જગ્યાએ જતા રહેવું જોઈએ.

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001